સૂત્ર અને ગ્રંથના પુરાવા સહિત

# ॥ પર્વતિથિક્ષયવૃદ્ધિપ્રશ્નોત્તર વિચાર ॥


લેખક
આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરિવરના
શિષ્યરત્ન
મુનિરાજશ્રી કુલહંસવિજયજી



પ્રકાશક
શેઠ ભોગીલાલ સાકરચંદ
અમદાવાદ

વીર સં. ૨૪૭૧ સત્ય સં. ૨૪૬ [સં. ૨૦૦૧

મુદ્રક—શેઠ ગુલાબચંદ દેવચંદ કુંડલાકર
આનંદ પ્રેસ-ભાવનગર.

# प्राक्कथन

વિક્રમસંવત ૧૯૯૨ ની સાલમાં ચંડાંશુચંડુ જોધપુરી પંચાંગમાં ભાદ્રપદ શુકલ પંચમી બે હતી ત્યારે સાંવત્સરિક પર્વ ક્યારે કરવું ? એ સંબંધી પેપરોમાં ઘણો ઊહાપોહ થયો. નવા પંથવાળાએ તો આગ્રહને વશ થઇ પહેલી ચોથની સંવચ્છરી કરી અને શાસનપક્ષે આગમ અને પરંપરાને અનુસારે બીજી ચોથનું સંવચ્છરી પર્વ કર્યું કેમ કે આચાર્યશ્રી કાલિકસૂરીશ્વરજી મહારાજે શાલિવાહન રાજાના કહેવાથી કલ્પસૂત્રની સામાચારીના આધારે પંચમીથી એક દિવસ પહેલા સંવચ્છરી કરી એટલે ટીપ્પણામાં બે પાંચમ હોય ત્યારે બીજી ચોથે જ સંવચ્છરી પર્વ થાય. પંચમીથી એક દિવસ પહેલાં સંબચ્છરી પર્વ કરવું જોઇએ એમ રાજશેખરસૂરિજીના ચતુર્વિંશતિ પ્રબંધ ઉપરથી પણ સિદ્ધ થાય છે. ૧૯૯૨ની સાલથી નવા પંથવાળા શાસન પક્ષથી જુદા પડ્યા અને પર્વતિથિની ક્ષયવૃદ્ધિ માનતા થયા. પર્વતિથિની ક્ષયવૃદ્ધિ માનવી કે મનાવવી એ આગમ અને પરંપરાથી વિરુદ્ધ છે. નવા પંથવાળા પોતાની માન્યતાનો જનતામાં જોરશોરથી પ્રચાર કરે છે તેથી લોકો સત્ય વસ્તુને ઓળખે અને ઉન્માર્ગે ન દોરાય તે માટે આ લઘુ પુસ્તિકા પ્રશ્નોત્તરરૂપે લખવામાં આવેલ છે.

## નવા પંથની માન્યતા

દર્શનમોહનીય કર્મના ઉદયથી નવા પંથવાળાને સૂત્ર અને પરંપરાની વાત રુચતી નથી, તેથી તેઓ કહે છે કે–આપણા જૈન પંચાંગો ઘણી સદીથી વિચ્છેદ ગયા છે માટે લૌકિક પંચાંગ પ્રમાણે જ માનવું તેથી તેઓ પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ કરે છે અને પુનમનો ક્ષય હોય તો ચૌદશ–પુનમ ભેગી માને છે અને પૂર્ણિમાની વૃદ્ધિમાં સાન્તર ચૌદશ–પુનમ માને છે.

## શાસનપક્ષની માન્યતા

શાસનપક્ષ જૈન પંચાંગના અભાવે સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર, ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર, જ્યોતિષકરંડક સૂત્ર અને પૂર્વાચાર્યોની પરંપરાને અનુસારે લૌકિક ચંડાંશુચંડુ પંચાંગમાં પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ આવે તો તેના બદલે અપર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ કરે છે. પુનમ અને અમાવાસ્યાની ક્ષય કે વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરે છે, પણ પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ માનતા નથી. વિક્રમ સંવત ૧૯૯૨ ના ભાદરવા વદિ અમાવાસ્યા સુધી તો નવા પંથવાળા પણ આ પ્રમાણે જ માનતા હતા, પણ પછીથી જુદા પડ્યા. **विचित्रा कर्मणां गतिः ।**

**મુનિ શ્રી કલહંસવિજય**

## સૂત્ર અને ગ્રંથના પ્રમાણ યુક્ત

# પર્વતિથિક્ષયવૃદ્ધિપ્રશ્નોત્તરવિચાર

૧ પ્રશ્ન—જૈનાગમમાં તિથિની ઉત્પત્તિ કોનાથી માનેલ છે અને તેનું પ્રમાણ કેટલું ?

ઉત્તર—સૂર્યપ્રજ્ઞપ્તિ ઉપાંગસૂત્રટીકા અને જ્યોતિષકરંડક પયન્નાસૂત્રની અંદર તિથિની ઉત્પત્તિ ચંદ્રથી કહેલ છે અને તેનું પ્રમાણ ૫૯ ઘડી અને એક મુહૂર્તના $\frac{૩૨}{૬૨}$ ભાગ જેટલું જ ઉત્કૃષ્ટ તિથિનું પ્રમાણ કહેલ છે, તેથી એક તિથિ બે સૂર્યોદયને સ્પર્શી શકતી નથી એટલે જ જૈનો તિથિની વૃદ્ધિ માનતા નથી. જુઓ સૂર્યપ્રજ્ઞપ્તિટીકા, પત્ર ૧૪૯.

**अहोरात्रस्य द्वाषष्टिभागप्रविभक्तस्य ये एकषष्टिभागास्तावत्प्रमाणा तिथिरिति, अथाहोरात्रस्त्रिंशन्मुहूर्त्तप्रमाणः सुप्रतीतः। तिथिस्तु किं मुहूर्त्तप्रमाणेति? उच्यते, परिपूर्णा एकोनत्रिंशन्मुहूर्त्ता एकस्य च मुहूर्त्तस्य द्वात्रिंशत् द्वाषष्टिभागाः ॥**

**અર્થ**—એક અહોરાત્રિના બાસઠ ભાગ કરીએ, તેમાંથી એકસઠ ભાગ જેટલી તિથિ હોય છે અને અહોરાત્ર તો ત્રીશ મુહૂર્ત પ્રમાણ છે પરંતુ તિથિનું પ્રમાણ કેટલું ? તિથિનું

પ્રમાણ સંપૂર્ણ ૨૯ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા બત્રીશ ભાગ ઉપર જાણવા.

જુઓ જ્યોતિષકરંડક સૂત્રનો પાઠ, પત્ર ૬૨.

**यावन्मुहूर्त्तप्रमाणा तिथिस्तावत्प्रमाणा तां प्रतिपादयन्ति— अउणत्तीसं पुण्णा उ मुहुत्ता सोमतो तिही होइ ॥ भागा य उ बत्तीसं बावट्ठिकएण छेएणं ॥ गाथा १०५ ॥ टीका—सोमतः चन्द्रमस उपजायते तिथिः, सा च तत उपजायमाना एकोनत्रिंशत् परिपूर्णमुहूर्त्ता एकस्य च मुहूर्त्तस्य द्वाषष्टिकृतेन छेदेन प्रविभक्तस्य सत्का द्वात्रिंशत् भागाः तथाहि—अहोरात्रस्य द्वाषष्टिभागीकृतस्य सत्का ये एकषष्टिभागास्तावत्प्रमाणा तिथिरित्युक्तम् ॥**

**ભાવાર્થ**—ચંદ્રની ગતિથી તિથિ ઉત્પન્ન થાય છે. તે ઉત્પન્ન થતી તિથિ સંપૂર્ણ ૨૯ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના બાસઠીયા બત્રીશ ભાગ જેટલી જ હોય છે, એટલું જ સૂત્રમાં તિથિનું પ્રમાણ કહેલું છે તેથી તિથિની વૃદ્ધિ થઈ શકે નહિ.

૨ પ્રશ્ન—લૌકિક વેદાંગ જ્યોતિષમાં તિથિનું પ્રમાણ કેટલું ?

ઉત્તર—વેદાંગ જ્યોતિષમાં તિથિનું માપ ચંદ્રની ગતિ ઉપર આધાર રાખતું હોવાથી કોઈક વાર ચોપન ઘડીનું અને કોઈ વાર છાસઠ ઘડીનું હોય છે. તે તિથિ બે સૂર્યોદયને સ્પર્શી શકે છે તેથી લૌકિક પંચાંગમાં તિથિની વૃદ્ધિ આવે છે.

૩ પ્રશ્ન—જૈન સિદ્ધાન્ત પ્રમાણે તિથિનો ક્ષય આવે છે ?

ઉત્તર—સૂર્યપ્રજ્ઞપ્તિ, જ્યોતિષકરંડક સૂત્રાનુસાર તિથિનું

પ્રમાણ અહોરાત્ર કરતાં થોડું હોવાથી બે મહિને એક તિથિનો ક્ષય આવે છે. જુઓ સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર ટીકા, પત્ર ૨૧૭.

यत एकैकस्मिन् दिवसे एकैको द्वाषष्टिभागोऽवमरात्रस्य सम्बन्धी प्राप्यते ततो द्वाषष्ट्या दिवसैरेकोऽवम(क्षय)-रात्रो भवति, किमुक्तं भवति ?-दिवसे दिवसे अवमरात्रसत्कैकद्वाषष्टिभागवृद्ध्या द्वाषष्टितमो भागः सञ्जायमानो द्वाषष्टितमादिवसे मूलत एव त्रिषष्टितमा तिथिः प्रवर्त्तते इति, एवं च सति य एकषष्टितमोऽहोरात्रस्तस्मिन्नेकषष्टितमा द्वाषष्टितमा च तिथिर्निधनमुपगतेति द्वाषष्टितमा तिथिर्लोके पतितेति व्यवह्रियते ॥

**ભાવાર્થ**—એકેક દિવસે એક એક બાસઠમો ભાગ ક્ષય રાત્રિસંબંધી પ્રાપ્ત થાય છે, તેથી બાસઠ દિવસે એક ક્ષયરાત્રિ થાય છે. કહેવાની મતલબ એ છે કે-દિવસે દિવસે ક્ષયરાત્રિ સંબંધી એક એક બાસઠીયા ભાગની વૃદ્ધિવડે બાસઠમો ભાગ ઉત્પન્ન થતાં બાસઠમા દિવસે મૂળથી જ ત્રેસઠમી તિથિ પ્રવર્તે છે, એ પ્રમાણે છતે એકસઠમો જે દિવસ તેમાં એકસઠમી અને બાસઠમી તિથિઓ પૂરી થાય તેથી બાસઠમી તિથિ લોકમાં ક્ષય પામેલી કહેવાય છે. **यतः उक्तं तत्रैव पत्रे-**
**एक्कंमि अहोरत्ते दोवि तिही जत्थ निहणमेज्जासु सोत्थ तिही परिहायइ ॥**

અર્થ—કહ્યું છે કે-એક જ દિવસમાં બન્ને તિથિઓ પૂરી થાય તો તે બીજી તિથિ ક્ષય પામે છે.

૪ પ્રશ્ન—જૈન સિદ્ધાન્તાનુસાર જ્યોતિષના ગણિત

પ્રમાણે પર્વતિથિનો પણ ક્ષય આવે છે અને લૌકિક પંચાંગમાં તો પર્વતિથિની ક્ષયવૃદ્ધિ બન્ને આવે છે તે મનાય કે નહિ ?

ઉત્તર—જૈન સિધ્ધાન્ત પ્રમાણે પર્વતિથિનો પણ ક્ષય આવે છે અને લૌકિક પંચાંગમાં તો ક્ષયવૃદ્ધિ બન્ને આવે છે, પરંતુ ભગવતીસૂત્રમાં અષ્ટમી, ચતુર્દશી, અમાવાસ્યા અને પૂર્ણિમાને પ્રધાન પર્વતિથિઓ કહેલી છે. જુઓ ભગવતી સૂત્રનો પાઠ, શ. ૨, ઉ. ૫, પત્ર ૧૩૪.

**बहूहिं सीलव्वयगुणवेरमणपच्चक्खाणपोसहोववासेहिं, चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुन्नं पोसहं सम्मं अणुपालेमाणे, टीका–'बहूहिं' इत्यादि शीलव्रतानि–अणुव्रतानि गुणा–गुणव्रतानि विरमणानि–औचित्येन रागादिनिवृत्तयः प्रत्याख्यानानि पौरुष्यादीनि पौषधं–पर्वदिनानुष्ठानं तत्रोपवासः–अवस्थानं पौषधोपवासः, पौषधं च यदा यथाविधं च ते कुर्वन्तो विहरन्ति तद्दर्शयन्नाह–'चाउद्दसे'त्यादि इहोद्दिष्टा–अमावस्या 'पडिपुन्नं पोसहं'ति आहारादिभेदात् चतुर्विधमपि सर्वतः ॥**

**ભાવાર્થ**—તુંગિયા નગરીને વિષે ઋદ્ધિમાન્ ઘણા શ્રાવકો વસે છે. તેઓ અણુવ્રત, ગુણવ્રત, ઉચિતતાવડે રાગાદિકનો ત્યાગ, પૌરુષી આદિ પચ્ચખાણ અને પર્વના દિવસે કરવા યોગ્ય અનુષ્ઠાનવડે અષ્ટમી, ચતુર્દશી, અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે સર્વથી આહાર-શરીરસત્કાર-બ્રહ્મચર્ય-અવ્યાપારરૂપ ચારે પ્રકારના પૌષધનું સમ્યક્ પ્રકારે પાલન કરતાં વિચરે છે." આ ચારિત્રતિથિઓ કહેવાય છે. ઉપરોક્ત

તિથિઓના દિવસે શ્રાવકોને પૌષધવ્રત કરવાનું કહ્યું છે, અને સાધુઓ તો ચારિત્રવંત છે તેથી તપ કરવાનું કહ્યું છે. એ તિથિઓના દિવસે તપ ન કરે તો વ્યવહારભાષ્યમાં પ્રાયશ્ચિત કહેલું છે. જુઓ વ્યવહારભાષ્ય ટીકાનો પાઠ–

**अष्टम्यां पाक्षिके चतुर्थं न करोति तदा मासलघु ( पुरिमड्ढं ) मासगुरु ( एकाशनकं ) चातुर्मासके सांवत्सरिके षष्ठ अष्टमं न करोति तदा चतुर्मासलघु ( आचाम्लं ) चतुर्मासगुरु ( उपवासं ) प्रायश्चित्तं ॥**

અર્થ–આઠમ અને ચૌદશે ઉપવાસ ન કરે તો પુરિમુડ્ઢ અને એકાસણાનું પ્રાયશ્ચિત્ત આવે અને ચઉમાસી તથા સંવચ્છરીનો છઠ્ઠ અઠ્ઠમ ન કરે તો ચાર લઘુમાસ અને ચાર ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત આવે. તપાગચ્છની બૃહત્સમાચારીમાં પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ માનવાનો સ્પષ્ટ નિષેધ કરેલ છે. જુઓ તે પાઠ—

**अट्ठमी चाउद्दसी उद्दिट्ठा पुण्णिमाइसु ॥ पव्वतिहिसु खयवुड्ढि न हवइ इइ वयणा उ ॥ १ ॥**

અર્થ—આઠમ, ચૌદશ, અમાવાસ્યા અને પૂર્ણિમા આ પર્વતિથિઓને વિષે ક્ષય કે વૃદ્ધિ થાય નહિ.

પર્વતિથિનો ક્ષય આવે તો પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવો. જુઓ તે પાઠ—

**जइ पव्वतिहिखओ तह कायव्वो पुव्वतिहिए । एवमागमवयणं कहियं तेल्लुक्कनाहेहिं ॥ १ ॥ बीया पंचमी अट्ठमी**

**एक्कारसी चाउद्दसी य ॥ तासं खओ पुव्वतिहिओ अमावसाए वि तेरस ॥ २ ॥**

**અર્થ**—જો પંચાંગમાં પર્વતિથિનો ક્ષય હોય તો તેના પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવો એમ ત્રૈલોક્યનાથકથિત આગમ વચન છે. બીજ, પાંચમ, આઠમ, એકાદશી, ચૌદશ એ તિથિઓનો ક્ષય હોય તો તેના પૂર્વની તિથિનો ક્ષય થાય અને અમાવાસ્યાનો ક્ષય હોય તો તેરસનો ક્ષય કરવો. બીજું વાચકવર્ય ઉમાસ્વાતિ મહારાજનો પ્રઘોષ **क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा** પણ ક્ષય વૃદ્ધિ માનવાનો નિષેધ કરે છે. ઉપરોક્ત પાઠો ઉપરથી એમ સિદ્ધ થાય છે કે-પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ માની શકાય નહિ.

૫ પ્રશ્ન-લૌકિક પંચાંગમાં પર્વ કે પર્વાનન્તર પર્વ (ચૌદશ પછી અમાવાસ્યા કે પૂર્ણિમા આવે તે) તિથિની ક્ષય કે વૃદ્ધિ આવે તો કઈ તિથિને પર્વતિથિ કહેવી અને માનવી ?

ઉત્તર-શ્રાદ્ધવિધિગ્રંથમાં પર્વ કૃત્યના અધિકારમાં આચાર્યશ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ વાચકવર્ય ઉમાસ્વાતિ મહારાજના પ્રઘોષનો પાઠ **क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा** આપીને જણાવે છે કે-લૌકિક પંચાંગમાં પર્વતિથિનો ક્ષય આવે તો તેની પૂર્વતિથિમાં ક્ષય પામેલ પર્વતિથિ સ્થાપીને તેની આરાધના કરવી. જેમકે પંચાંગમાં અષ્ટમીનો ક્ષય આવે તો ઔદયિક સાતમે આઠમ સ્થાપીને અષ્ટમીની આરાધના કરવી અર્થાત્ સાતમનો ક્ષય કરી તે આરાધ્ય તિથિને આઠમ કહેવી અને માનવી.

પંચાંગમાં પર્વતિથિની વૃદ્ધિ આવે તો **उत्तरा** એટલે

બીજી તિથિને પર્વતિથિ કહેવી અને આરાધવી. જુઓ કલ્પ-સૂત્ર સમાચારી ટીકાનો પાઠ—**यथा चतुर्दशीवृद्धौ प्रथमा चतुर्दशीमवगणय्य द्वितीयायां चतुर्दश्यां पाक्षिककृत्यं क्रियते ॥** કલ્પસૂત્ર સુબોધિકા ટીકા, પત્રાંક ૨૦૬. અર્થ—પંચાંગમાં બે ચતુર્દશી આવે તો પહેલી ચૌદશની અવગણના કરીને બીજી ચતુર્દશીએ પાક્ષિક કૃત્ય કરાય છે. આ પાઠમાં ટીકાકારે પ્રથમ ચતુર્દશીને માટે **अवगणय्य** સંબન્ધક ભૂતકૃદંત મૂકેલ છે તે ખાસ અર્થસૂચક છે. 'અવગણય્ય' શબ્દનો અર્થ શબ્દ-કોષમાં 'અપમાન—અવજ્ઞા—તિરસ્કાર—પરાભવ' અર્થ કરેલ છે એટલે પ્રથમ ચતુર્દશીને ચૌદશ ન કહેવી, પણ અપર્વતિથિ તરીકે બીજી તેરસ કહેવી અને માનવી એમ સિદ્ધ થાય છે. જો ટીપણાની પહેલી ચૌદશને લોકોત્તર દૃષ્ટિએ ચૌદશ કહેવાતી હોય તો ટીકાકાર મહારાજા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર્ય પ્રથમ ચતુર્દશીને માટે **परित्यज्य** કે **त्यक्त्वा** શબ્દ છોડીને **अवगणय्य** શબ્દ ન વાપરત. એ પ્રમાણે બીજી પર્વ-તિથિઓની વૃદ્ધિને માટે પણ સમજવું.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે—ભીંતીયા જૈન પંચાંગોમાં આઠમના ક્ષયે સાતમનો ક્ષય અને ચૌદશની વૃદ્ધિએ બે તેરસ લખવામાં આવે છે તે સૂત્ર અને પરંપરાસિદ્ધ છે, એમ સમજવું

૬ પ્રશ્ન—શ્રાદ્ધવિધિ ગ્રંથમાં આપેલ વાચક ઉમાસ્વાતિ મહારાજના પ્રઘોષના બન્ને ચરણ શું તેમના રચેલ છે?

ઉત્તર—આ પ્રઘોષમાં **कार्या** પદ બે વાર આવે છે તેથી પ્રઘોષના બંને ચરણને એક જ કર્તાના માનીએ તો પુનરુક્તિ દોષ આવે છે. ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રની રચના કરી છે તેમાં

કોઈ સૂત્રની અંદર પુનરુક્તિ દોષ દેખાતો નથી અને આવા સામાન્ય બે ચરણમાં પુનરુકિત દોષ મૂકે એ વાત અસંભવિત લાગે છે, તેથી અમારું એમ માનવું છે કે—**क्षये पूर्वा तिथिः कार्या** આ પ્રથમ ચરણ તો ઉમાસ્વાતિ મહારાજનું જ રચેલ છે; બીજા ચરણને માટે સંશય છે. તે ચરણ સૈદ્ધાન્તિક ટિપ્પણના અભાવે પાછલથી લૌકિક પંચાંગમાં આવતી વૃદ્ધિ તિથિની વ્યવસ્થા માટે પૂર્વાચાર્યે રચેલું લાગે છે. આ પ્રઘોષ પૂર્વપરંપરાથી આવેલ હોઇને પૂર્વાચાર્યોએ માનેલ છે અને અમે પણ માનીએ છીએ.

૭ પ્રશ્ન—સૈદ્ધાન્તિક ટિપ્પણનો અભાવ કયારથી થએલ માનો છો ?

ઉત્તર—ઉમાસ્વાતિ મહારાજના સમયમાં તો જૈન ટિપ્પણ હોવું જ જોઈએ, કેમકે તેઓ પૂર્વધર હતા. તેમને માટે ગ્રન્થાન્તરમાં **वाचकाः पूर्वविदः** વિશેષણ આપેલ છે. તેમના શિષ્ય શ્યામાચાર્ય મહારાજે **प्रज्ञापनासूत्र**ની રચના કરેલ છે અને દશ પૂર્વધરનું રચેલ હોય તે જ સૂત્રરૂપે મનાય છે, તો દશ પૂર્વધરના સમયમાં સૈદ્ધાન્તિક ટિપ્પણ ન હોય એ વાત માની શકાય એવી નથી. ૧૪મી સદીમાં થએલ જિનપ્રભસૂરિજીના પહેલાથી જ સૈદ્ધાન્તિક ટિપ્પણનો અભાવ થયો હોય એમ તેમના લખેલા “ વિધિપ્રપા ” ગ્રંથથી સ્પષ્ટ જાણી શકાય છે. એટલે ઉમાસ્વાતિ પછી કેટલાક કાળે સૈદ્ધાન્તિક ટિપ્પણનો અભાવ થયો હોય એમ અમારું માનવું છે.

૮ પ્રશ્ન–લૌકિક પંચાંગમાં ચતુર્દશી પર્વાનન્તર અમાવાસ્યા કે પૂર્ણિમાનો ક્ષય આવે તો તે પર્વની આરાધના ક્યારે કરવી ?

### પૂર્ણિમા કે અમાવાસ્યાના ક્ષયમાં તેરશનો ક્ષય

ઉત્તર—લૌકિક પંચાંગમાં અમાવાસ્યા કે પૂર્ણિમા પર્વ-તિથિનો ક્ષય આવે તો **क्षये पूर्वा तिथिः कार्या** એ પ્રઘોષને અનુસારે પંચાંગની ત્રયોદશીએ લોકોત્તર ઔદયિક ચતુર્દશી સ્થાપીને પાક્ષિક કૃત્ય કરવું અને લૌકિક ચતુર્દશીએ ક્ષય પામેલ અમાવાસ્યા કે પૂર્ણિમા સ્થાપીને તે પર્વની આરાધના કરવી. હીરપ્રશ્ન ગ્રંથ પણ ઉપરોકત કથનનું સમર્થન કરે છે. જુઓ હીરપ્રશ્ન પત્રાંક ૩૨

**पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः कस्यां तिथौ क्रियते, पूर्णिमायां च त्रुटितायां कुत्र इति प्रश्न अत्रोत्तरं पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपीति ॥**

અર્થ—જ્યારે પંચમીનો ક્ષય હોય ત્યારે તે પંચમી તિથિનો તપ લૌકિક પંચાંગની કઈ તિથિએ કરાય? અને પૂર્ણિમાનો ક્ષય હોય ત્યારે તેનો તપ કઇ તિથિએ કરવો? એનો ઉત્તર આપે છે-ટિપ્પણમાં પંચમીનો ક્ષય હોય ત્યારે તે પંચમીનો તપ પહેલાની તિથિ ચોથના દિવસે કરવો, અને પૂર્ણિમાનો તપ તેરશ-ચૌદશે કરવો. અહિ ખાસ આચાર્યશ્રીએ સપ્તમી વિભક્તિનું દ્વિવચન વાપર્યું છે એ અર્થસૂચક છે, એટલે ટિપ્પણાની ત્રયોદશીએ ઔદયિક ચતુર્દશી સ્થાપીને પાક્ષિક કૃત્ય કરવું અને ચતુર્દશીએ પૂર્ણિમા સ્થાપીને તે તપની આરાધના કરવી. એથી પૂર્ણિમાના ક્ષયમાં બે તિથિ ફેરવવાનું સૂચવે છે એટલે પંચાંગની પૂર્ણિમા અને અમાવાસ્યાના

ક્ષયમાં તેરશનો ક્ષય કરવો. એ પ્રમાણે તેરશે કરવાનું ભૂલી ગયા હોય તો પંડવાને દિવસે પણ પૂર્ણિમાનો તપ કરવો. આ "અપિ" શબ્દનો અર્થ છે. જેમ પાંચમના ક્ષયે તે તપ ચોથે કરી શકાય છે, કેમ કે ચોથ અપર્વતિથિ છે પરંતુ પૂર્ણિમાના ક્ષયે તે તપ ચૌદશે કરી શકાતો નથી, કેમ કે ભગવતીસૂત્રમાં ચૌદશ અને પૂર્ણિમાને પ્રધાન પર્વતિથિ માનેલ તેથી એ બન્ને પર્વની આરાધના જુદી જ કરવી જોઇએ, ક્ષયમાં ભેગી થઇ શકે નહિ. જો પૂર્ણિમાના ક્ષયે તે તપ તેરશ કે પ્રતિપદાએ જ કરવાનો હોય તો ઉત્તરમાં આચાર્યશ્રીને એટલું જ કહેવાની જરૂર હતી કે–પૂર્ણિમાનો ક્ષય હોય તો તે તપ તેરશે કરવો અને તેરશે ભૂલી ગયા હોય તો એકમના દિવસે પણ કરવો, પરંતુ **त्रयोदशीचतुर्दश्योः** એમ સપ્તમી વિભક્તિનું દ્વિવચન વાપરવાની જરૂર નહોતી, છતાં દ્વિવચન મૂક્યું છે એ ખાસ અર્થસૂચક છે. પૂર્ણિમાની આરાધના ચતુર્દશીની પછી જ હોય પણ પહેલાં હોઈ શકે નહિ, તેથી જ તેરશનો ક્ષય કરવો પડે છે એ હીરપ્રશ્નના પાઠનો ફલિતાર્થ છે,

૯ પ્રશ્ન—લૌકિક પંચાંગમાં અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃદ્ધિ હોય ત્યારે તે પર્વાનન્તર પર્વતિથિની આરાધના કેવી રીતે કરવી?

**પૂર્ણિમા કે અમાવાસ્યાની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ.**

ઉત્તર—લૌકિક પંચાંગમાં અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃદ્ધિ આવે ત્યારે પરંપરારૂઢ ઉમાસ્વાતિ મહારાજના "**वृद्धौ कार्या तथोत्तरा**" આ પ્રઘોષને અનુસારે બીજી પૂર્ણિમા આરાધવા માટે અને સાન્તર દોષ ટાળવા માટે પરંપરા આગમને અનુસાર અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃદ્ધિએ અપર્વરૂપ તેરશની વૃદ્ધિ કરવામાં આવે છે.

શંકા—પૂર્ણિમાની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ કરવાથી પાક્ષિક કૃત્ય પંચાંગની પ્રથમ પૂર્ણિમાએ કરવું પડે અને તેમ કરવાથી ઔદયિક ચતુર્દશીનો નિયમ રહેતો નથી તેથી શ્રાદ્ધવિધિકારે આપેલ ગાથાને અનુસારે આજ્ઞાભંગનો દોષ લાગે તેનું કેમ ?

સમાધાન—આરાધનમાં ઔદયિક તિથિ લેવી તેમાં કોઈ પણ જાતનો મતભેદ નથી. શ્રાદ્ધવિધિમાં કહ્યું છે કે—"**प्रातः प्रत्याख्यानवेलायां या तिथिः स्यात् सा प्रमाणा**" પ્રત્યાખ્યાનના આરંભ વખતથી એટલે સૂર્યોદયથી તિથિની શરૂઆત જણાવે છે. પર્વતિથિનો આરંભ જેમ સૂર્યોદયથી થાય તેમ તે તિથિની સમાપ્તિ પણ બીજા સૂર્યોદયથી અન્ય તિથિની શરૂઆત થાય ત્યારે જ થાય એટલે શ્રાદ્ધવિધિમાં પ્રતિપાદિત સૂર્યોદયનો ઉત્સર્ગ માર્ગ તે તિથિમાં લાગુ પડે છે કે જે તિથિની અન્ય સૂર્યોદય વખતે સમાપ્તિ હોય, પરંતુ પર્વ કે પર્વાનન્તર તિથિની પંચાંગમાં ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે સૂર્યોદયનો ઉત્સર્ગ માર્ગ અપવાદનો વિષય બને છે. હીરપ્રશ્નમાં પૂર્ણિમાની વૃદ્ધિએ બીજી ઔદયિક તિથિ લેવાનું કહ્યું છે તે લૌકિક ઉદયવાળી છે, પણ લોકોત્તર ઉદયવાળી નથી તો પણ આરાધનાની અપેક્ષાએ લોકોત્તર ઉદયવાળી માનીને તેની આરાધના કરીએ છીએ. ચતુર્દશી અને પૂર્ણિમા એ બન્ને પ્રધાન પર્વતિથિ છે તેથી તેની આરાધના અનન્તર જ થાય પણ સાન્તર થઈ શકે નહિ. તે માટે જુઓ સેનપ્રશ્ન અને આચારમય સમાચારીનો પાઠ, પત્ર ૩.

**चतुष्पर्व्यां कृतसम्पूर्णचतुर्विधपौषधः पूर्वोक्तानुष्ठानपरो मासचतुष्टयं यावत् पौषधप्रतिमां करोति द्वितीयोपवासशक्तय-**

**भावे तु आचाम्लं निर्विकृतिकं वा करोति ॥**

અર્થ—અષ્ટમી, ચતુર્દશી, અમાવાસ્યા, પૂર્ણિમારૂપ ચાર પર્વ એ ચતુષ્પર્વીમાં ચારે પ્રકારનો સંપૂર્ણ પૌષધ કરનાર છતો પહેલી ત્રણ પ્રતિમાવહનની ક્રિયામાં તત્પર એવો શ્રાવક ચાર મહિના સુધી પૌષધ પ્રતિમા કરે, પાક્ષિકનો ઉપવાસ કર્યા પછી બીજે દિવસે અમાવાસ્યા કે પૂર્ણિમાએ ઉપવાસ કરવાની શક્તિ ન હોય તો આયંબિલ કે નીવી કરે.

બીજો પાઠ, સેનપ્રશ્ન, પત્રાંક ૧૦૫—

**प्रतिमाधरश्रावकः श्राविका वा चतुर्थी प्रतिमात आरभ्य चतुष्पर्वी पौषधं करोति तदा पाक्षिकपूर्णिमा षष्ठकरणाभावे पाक्षिकपौषधं विधायोपवासं करोति पूर्णिमायां चैकाशनं कृत्वा पौषधं करोति तत्शुध्यति न वा इति प्रश्नोऽत्रोत्तरं प्रतिमाधरः श्रावकः श्राविका वा चतुर्थीप्रतिमात आरभ्य चतुष्पर्वी-पौषधं करोति तदा मुख्यवृत्या पाक्षिकपूर्णिमयोश्चतुर्विधा-हारषष्ठ एव कृतो युज्यते, कदाचिच्च यदि सर्वथा शक्तिर्न भवति तदा पूर्णिमायां आचाम्लं निर्विकृतिकं वा क्रियते एवंविधाक्षराणि समाचारीग्रन्थे सन्ति परमेकाशनं शास्त्रे दृष्टं नास्तीति ॥**

અર્થ–પ્રતિમાધારી શ્રાવક કે શ્રાવિકા ચોથી પ્રતિમાથી ચારપર્વી પૌષધ કરે તો પખ્ખી અને પૂર્ણિમાનો છઠ્ઠ ન થઈ શકે તે પખ્ખીનો પૌષધ કરીને ઉપવાસ કરે અને પૂર્ણિમાના દિવસે એકાસણું કરીને પૌષધ કરે તે શુધ્ધ થાય કે કેમ ?

ઉત્તર–પ્રતિમાધારી શ્રાવક કે શ્રાવિકા ચોથી પ્રતિમાથી ચાર પર્વના પૌષધ કરે તો મુખ્યવૃત્તિએ પખ્ખી અને પૂર્ણિમાનો ચઉવિહાર છટ્ઠ જ કરવો જોઇએ. જો કદિ સર્વથા શકિત ન હોય તો પખ્ખીના ઉપવાસ ઉપર પૂર્ણિમા( કે અમાવાસ્યા)એ આયંબિલ અથવા નીવી કરે એવા અક્ષર સમાચારી ગ્રંથમાં છે, પણ એકાસણું કરવાનું શાસ્ત્રમાં દીઠું નથી. અર્થ સાથે ઉપર આપેલ સમાચારીગ્રંથનો પાઠ અને સેનપ્રશ્નના પાઠ ઉપરથી એમ સિધ્ધ થાય છે કે–ચતુર્દશી અને અમાવાસ્યા કે પૂર્ણિમાની આરાધના ચતુર્દશીની અનન્તર જ થવી જોઇએ. જ્યોતિષના નિયમ મુજબ ચતુર્દશી પછી અનંતર અમાવાસ્યા કે પૂર્ણિમા આવે છે, તેથી ચતુર્દશી પછી અમાવાસ્યા કે પૂર્ણિમાની આરાધનાનું અનન્તરપણું સિદ્ધ થાય છે. આચાર્ય શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજ ચતુર્દશી અને પૂર્ણિમાની આરાધનાનું અનંતરપણું કાયમ રાખવા માટે પ્રશ્નના ઉત્તરમાં સમાચારી ગ્રંથનો પાઠ આપીને છટ્ઠ તપ કરવાની શક્તિના અભાવે પાક્ષિકનો ઉપવાસ કરી પૌષધ કરીને પૂર્ણિમાને દિવસે આયંબિલ કે નીવી કરીને પૌષધ કરવાનું જણાવે છે. એ બન્ને પર્વની અનન્તર આરાધના માટે શક્તિના અભાવે શાસ્ત્રકારોએ તપનો ફેરફાર કર્યો, પણ આરાધનાના દિવસનો ફેરફાર કર્યો નથી એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે તેથી સમાચારીના પાઠને અનુસારે લૌકિક પંચાંગમાં બે અમાવાસ્યા કે બે પૂર્ણિમા આવે ત્યારે ચતુર્દશી અને અમાવાસ્યા કે પૂર્ણિમાની અનંતર આરાધના કાયમ રાખવા માટે પૂર્વાચાર્યોએ પંચાંગની ઔદયિક ચતુર્દશીને બીજી તેરશરૂપ ગણી પંચાંગની પ્રથમ પૂર્ણિમાના દિવસે લોકોત્તર ઔદયિક ચતુર્દશી સ્થાપીને પાક્ષિક કૃત્ય કરવાનું અને તેના બીજે દિવસે અમાવાસ્યા કે પૂર્ણિમાની આરાધના

કરવાનું જણાવે છે તેથી જ અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃધ્ધિએ બે તેરશ કરવામાં આવે છે. જો અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃધ્ધિમાં પંચાંગની ઔદયિક ચતુર્દશીએ પાક્ષિકની આરાધના કરીએ અને બીજી અમાવાસ્યા કે પૂર્ણિમાએ તે અમાવાસ્યા કે પૂર્ણિમા પર્વતિથિની આરાધના કરવામાં આવે તો ચતુર્દશી અને અમાવાસ્યા કે પૂર્ણિમા પ્રધાન પર્વતિથિ આરાધનાનું અનન્તરપણું રહેતું નથી. પર્વતિથિની વૃધ્ધિ માનવાથી ઉત્સૂત્રપણાનો દોષ તેમજ બે પર્વ કહીને એક પર્વની આરાધના કરવાથી યથાવાદીપણું પણ રહેતું નથી; એટલા માટે જ અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃધ્ધિમાં પંચાંગની ઔદયિક ચતુર્દશીને બીજી તેરશરૂપ ગણી પ્રથમ અમાવાસ્યા કે પૂર્ણિમાના દિવસે લોકોત્તર ઔદયિક ચતુર્દશી સ્થાપીને પાક્ષિક કૃત્ય કરવામાં આવે છે.

૧૦ પ્રશ્ન—સાંવત્સરિક પર્વની આરાધના કયારે કરવી ?

ઉત્તર—કલ્પસૂત્રની સમાચારીમાં સ્પષ્ટ કહ્યું છે કે—

**तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसवेइ तहाणं अम्हे वि वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसवेमो, अंतरावियसे कप्पइ, नो से कप्पइ तं रयणिं उवाइणा वित्तए ॥**

**અર્થ**—તે કાલે તે સમયે વર્ષાઋતુનો એક માસ ને વીસ રાત્રિ વ્યતીત થયે છતે શ્રમણ ભગવાન્ મહાવીર પ્રભુએ વર્ષાવાસ કર્યો એટલે સાંવત્સરિક પર્વ કર્યું તેથી અમે પણ વર્ષાઋતુનો એક માસ ને વીશ રાત્રિ વિતી ગયે છતે વર્ષાવાસ કરીએ છીએ, અને કારણ હોય તો તે પહેલાં પણ વર્ષાવાસ

એટલે પર્યુષણા પર્વ થઇ શકે છે પણ તે પચાશમી રાત્રિનું અતિક્રમણ કરવું કલ્પે નહિ.

પ્રથમ સૈદ્ધાન્તિક ટિપ્પણ હતું ત્યારે શ્રાવણ વદ ૧ થી ભાદરવા સુદ પંચમીએ પચાશ દિવસ પૂરા થતા હતા. હાલ સૈદ્ધાન્તિક ટિપ્પણ વિચ્છેદ ગયું છે અને લૌકિક પંચાંગમાં અવારનવાર તિથિની ક્ષય કે વૃદ્ધિ આવ્યા કરે છે તેથી આપણે કાલિકસૂરિજીની પરંપરાથી ભાદરવા સુદિ ૪ ના દિવસે પચાશ દિવસ પૂરા થએલા માનીને તે દિવસે સાંવત્સરિક પર્વ કરીએ છીએ.

૧૧ પ્રશ્ન—ચંડાંશુ ચંડુ પંચાંગમાં ભાદરવા સુદિ પાંચમ બે હોય તો સાંવત્સરિક પર્વ કઇ તિથિએ કરવું ?

ઉત્તર—રાજશેખરસૂરીશ્વરજી મહારાજે વિ. સં. ૧૪૦૫ માં ચતુર્વિંશતિ પ્રબંધ રચેલો છે, તેમાં શાલિવાહન રાજાના પ્રબંધમાં સ્પષ્ટ જણાવ્યું છે કે—

**कालिकाचार्यपार्श्वे पर्युषणामेकेनाह्ना अर्वाग् आनायत् स सातवाहनस्ततोऽन्यः ॥** ચતુર્વિંશતિપ્રબંધ પત્ર ૭૦

અર્થ—શાલિવાહન રાજાએ કાલિકાચાર્યની પાસે એક દિવસ પહેલા પર્યુષણ પર્વ અણાવ્યું એટલે કરાવ્યું. આ પાઠ ઉપરથી પંચમીથી એક દિવસ પહેલા પર્યુષણ પર્વ કરવાનું સિદ્ધ થાય છે. પંચમીની વૃધ્ધિમાં જો પંચાંગની ઔદયિક ચોથના દિવસે સાંવત્સરિક પર્વ કરવામાં આવે તો વિના કારણે આરાધ્ય પંચમીથી બે દિવસ પહેલાં સંવચ્છરી પર્વ થાય. તેમ કરવાથી સૂત્રઆજ્ઞા અને કાલિક-

સૂરિની પરંપરાનો સ્પષ્ટ ભંગ થાય છે, માટે બીજી ચોથે જ સાંવત્સરિક પર્વ કરવું જોઇએ, પણ પંચાંગની ચોથે નહિ.

૧૨ પ્રશ્ન—શ્રાધ્ધવિધિકારના કથન પ્રમાણે સૂર્યોદય વખતે જે તિથિ હોય તે જ પ્રમાણભૂત ગણાય, તો પછી પર્વ-તિથિના ક્ષયમાં ઔદયિક તિથિ કેવી રીતે લેવી ?

ઉત્તર—પંચાંગમાં પર્વતિથિનો ક્ષય હોય પણ આરાધનામાં પર્વતિથિનો ક્ષય મનાતો નથી તેમજ શ્રાધ્ધવિધિમાં અનૌદયિક તિથિ માનવાનો પણ નિષેધ કરેલ છે. જુઓ શ્રાદ્ધવિધિ, પત્રાંક ૧૫૨—

**उदयंमि जा तिही सा पमाणमिअरइ कीरमाणीए ॥ आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावे ॥ १ ॥ पाराशर-स्मृत्यादावपि–आदित्योदयवेलायां, या स्तोकापि तिथिर्भवेत् सा संपूर्णेति मन्तव्या प्रभूता नोदयं विना ॥ १ ॥**

અર્થ—સૂર્યોદય વખતે જે તિથિ હોય તે જ પ્રમાણ કરવી જોઇએ. ઉદય વિનાની બીજી તિથિ પ્રમાણ કરે તો આજ્ઞા-ભંગ, અનવસ્થા મિથ્યાત્વ અને વિરાધનાનું પાપ લાગે. આ કારણથી જ પૂર્વાચાર્યો ઉમાસ્વાતિ મહારાજના પ્રઘોષને અનુસારે ક્ષય પામેલ પર્વતિથિને પૂર્વની તિથિમાં ઔદયિક પર્વતિથિ સ્થાપીને આરાધના કરે છે તેથી આજ્ઞાભંગ કે મિથ્યાત્વનો દોષ લાગતો નથી એટલા માટે જ પર્વતિથિના ક્ષયે અપર્વતિથિનો ક્ષય મનાય છે તેમજ પૂર્ણિમાની વૃધ્ધિમાં ઔદશપુનમની જોડે આરાધના કરવા માટે પંચાંગની પ્રથમ પૂર્ણિમાએ ઔદયિક ચતુર્દશી સ્થાપીને તેરશની વૃદ્ધિ માનવામાં આવે છે.

१३ प्रश्न—पर्वतिथिनो क्षय माननार आराधना पर्वनी करे के अपर्वनी ?

ઉત્તર—નવા પંથવાળા પોતાના પંચાંગમાં પર્વતિથિના ક્ષયે અપર્વ અને પર્વ બન્ને તિથિ સાથે લખે છે અને તે પ્રમાણે માને છે. શ્રાધ્ધવિધિમાં કહ્યું છે કે—

**चाउम्मासिअवरिसे पक्खिअपंचट्ठमीसु नायव्वा ।। ताओ तिहिओ जासिं, उदेइ सूरो न अण्णाओ ।। १ ।। पूआपच्चक्खाणं पडिक्कमणं तहय निअमगहणं च ।। जीए उदेइ सूरो, तीइ तिहीए उ कायव्वं ।। २ ।।**

**અર્થ**—ચાતુર્માસિક, સાંવત્સરિક, પાક્ષિક પંચમી, અષ્ટમીને માટે તે તિથિઓ લેવી કે જેમાં સૂર્ય ઉદય પામે; બીજી અનૌદયિક તિથિઓ ન લેવી. જે તિથિમાં સૂર્ય ઉદય પામે તે તિથિને વિષે પૂજા, પચ્ચકખાણ, પ્રતિક્રમણ અને નિયમ ગ્રહણ કરવા. આ ઉપરથી એમ સિધ્ધ થાય છે કે પર્વતિથિની આરાધનામાં અનૌદયિક તિથિ લેવાતી નથી તેથી નવા પંથવાળા પર્વતિથિનો ક્ષય માનીને અપર્વતિથિની જ આરાધના કરે છે.

૧૪ પ્રશ્ન—પૂર્ણિમાના ક્ષયે ચૌદશ–પૂનમ ભેગી માનનાર પાક્ષિક પ્રતિક્રમણ ક્યારે કરે ?

ઉત્તર—નવા પંથવાળા પૂર્ણિમાના ક્ષયે ચૌદશ–પુનમ ભેગી માને છે તેથી પાક્ષિક પ્રતિક્રમણ તેમણે સવારમાં જ કરવું જોઇએ કેમકે ટિપ્પણામાં ચૌદશનો ભાગ સવારમાં જ હોય છે. બપોરના તો પૂર્ણિમા શરૂ થઇ જાય છે, તેથી સાંજના પાક્ષિક પ્રતિક્રમણ થઈ શકે નહિ કેમ કે પાક્ષિક પ્રતિક્રમણ ચૌદશનું છે; પૂનમનું નથી છતાં સાંજના કરે તેઠ

તે પાક્ષિક પ્રતિક્રમણ પૂનમનું જ કહેવાય પણ ચૌદશનું નહિ, તેમની આ માન્યતા પણ શાસ્ત્રવિરુધ્ધ છે.

૧૫ પ્રશ્ન—નવાપંથવાળા સૈધ્ધાન્તિક ટિપ્પણના અભાવે લૌકિક પંચાંગ પ્રમાણે પર્વતિથિની વૃધ્ધિ માને છે તે સત્ય છે?

ઉત્તર—લૌકિક પંચાંગ પ્રમાણે પર્વતિથિની વૃધ્ધિ માનવાથી આગમની સાથે સ્પષ્ટ વિરોધ આવે છે. સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ અને જ્યોતિષકરંડક સૂત્રના પાઠ પ્રમાણે તિથિની જ વૃદ્ધિ થતી નથી તો પછી પર્વતિથિની વૃદ્ધિ કેમ મનાય? વળી સત્ય તો તે જ કહેવાય કે-જે જિનેશ્વરે કહ્યું હોય. જુઓ ભગવતી સૂત્ર પાઠ, પત્રાંક ૫૪, શ. ૧, ઉ. ૩

**से नूणं भंते ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं । हंता गौतम ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेदितं ॥ અર્થ**-જિનેશ્વરે જે કહ્યું છે તે જ સત્ય અને નિઃશંક છે? હા, હે ગૌતમ! જિનેશ્વરે જે પ્રરૂપ્યું છે તે જ સત્ય અને નિઃશંક છે. અભયદેવસૂરિ મહારાજ ભગવતી-સૂત્રની ટીકામાં પણ એમ જ કહે છે કે-જેમનો મત આગમાનુસારી હોય તે જ સત્ય માનવું; બીજાની ઉપેક્ષા કરવી એટલે છોડી દેવું. જુઓ ટીકાનો પાઠ **यदेव मतमागमानुपाति तदेव सत्यमिति मन्तव्यमितरत्पुनरुपेक्षणीयम्** ॥ ભ. સૂ. શ. ૧, ઉ. ૩, પત્રાંક ૬૨ ટીકા. આ ઉપરથી પર્વતિથિની લૌકિક પંચાંગ પ્રમાણે વૃદ્ધિ માનવી તે અસત્ય છે.

૧૬ પ્રશ્ન—તિથિચર્ચાના સામાન્ય વિષયને વિદ્વાન્ સાધુઓ આટલું મોટું રૂપ કેમ આપે છે?

ઉત્તર—આ ચર્ચા પર્વતિથિના ક્ષય વૃધ્ધિ વિષયક છે.

પર્વતિથિની સાચી આરાધના આત્મકલ્યાણનો અનુપમ માર્ગ હોવાથી વિદ્વાન્ સાધુઓને તે મહત્વનો વિષય લાગે છે. તે માટે જુઓ શ્રાધ્ધવિધિમાં આપેલ આગમનો પાઠ, પત્રાંક ૧૫૩–

**भयवं बीअपमुहासु पंचसु तिहीसु विहिअं धम्माणुट्ठाणं किं फलं होइ ? प्रश्न. उत्तर–गोयमा ! बहुफलं होइ । जम्हा एआसु तिहीसु पाएणं जीवो परभवाउअं समज्जिणइ, तम्हा तवो विहाणाइ धम्माणुट्ठाणं कायव्वं, जम्हा सुहाउअं समज्जिणइत्ति ।" आयुषि बद्धे तु दृढधर्माराधनेऽपि बद्धायुर्न टलति ॥**

અર્થ––હે ભગવન્ ! બીજ પ્રમુખ પાંચ તિથિને વિષે કરેલ ધર્માનુષ્ઠાનનું શું ફલ થાય ? ઉત્તર–હે ગૌતમ ! ઘણું ફલ થાય, કારણ કે આ તિથિઓને વિષે પ્રાયઃ ઘણું કરીને જીવ પરભવનું આયુષ્ય બાંધે છે, તેથી તપોવિધાનાદિ ધર્માનુષ્ઠાન અવશ્ય કરવું જેથી શુભ આયુષ્ય બંધાય. અશુભ આયુષ્ય બંધાયા પછી મજબૂત રીતે ધર્મની આરાધના કરે તો પણ બાંધેલ આયુષ્ય ત્રુટતું નથી. ઉપર આપેલ ભગવતીસૂત્રના પાઠ ઉપરથી વાંચકવર્ગને સમજાશે કે પર્વતિથિની ચર્ચા કેટલો મહત્વનો વિષય છે.

૧૭ પ્રશ્ન––જેને માટે આગમમાં વિધિ કે પ્રતિષેધ ન હોય અને જે પરંપરા કઈ સદીઓથી ચાલતી હોય તે પરંપરાને ગીતાર્થો પોતાની મતિકલ્પનાથી દૂષિત કરે ?

ઉત્તર––જે પરંપરા કઈ સદીઓથી ચાલતી હોય અને જેને માટે આગમમાં વિધિ કે નિષેધ ન જણાતો હોય તેવી પરંપરાને પણ ગીતાર્થો પોતાની મતિકલ્પનાથી દૂષિત ઠરાવીને તોડે નહિ. તેને માટે જુઓ શ્રી શાન્તિસૂરીશ્વરજીકૃત ધર્મરત્ન-પ્રકરણનો પાઠ, પત્રાંક ૨૬૪.

जं च न सुत्ते विहियं, न य पडिसिद्धं जणंमि चिररूढं ॥
समइ विगप्पियदोसा, तं पि न दूसंति गीयत्था ॥ ९९ ॥

टीका—इह च शब्दः पुनरर्थ इति यत् पुनरर्थजातमनुष्ठानं वा नैव सूत्रे-सिद्धान्ते विहितं करणीयत्वेनोक्तं चैत्यवंदनावश्यकादिवत्, न च प्रतिषिद्धं प्राणातिपातादिवत्, अथ च जने-लोके चिररूढमज्ञातादिभावं स्वमतिविकल्पितदोषात्-स्वाभिप्रायसंकल्पितदूषणात् तदपि, आस्तामागमोक्तं न दूषयन्ति-न युक्तं एतदिति परस्य नोपदिशन्ति संसारवृद्धिभीरवो गीतार्था-विदितागमतत्त्वाः, यतस्ते एवं श्रीभगवत्युक्तं पर्यालोचयन्ति-तथाहि-"जेणं मद्दुया ! अट्ठं वा हेउं वा पसिणं वा वागरणं वा अन्नायं वा अदिट्ठं वा अस्सुयं वा अपरिन्नायं वा, बहुजणमज्झे आघवेइ पन्नवेइ परूवेइ दंसेइ निदंसेइ उवदंसेइ, से णं अरहंताणं, आसायणाए वट्टइ, अरहंतपन्नत्तस्स धम्मस्स आसायणाए वट्टइ, केवलीणं आसायणाए वट्टइ केवलीपन्नत्तस्स धम्मस्स आसायणाए वट्टइ ॥

ભગવતી શ૦ ૧૮, ઉ૦ ૫, સૂત્ર ૬૩૫

**અર્થ**—જે બાબત કે અનુષ્ઠાન સિધ્ધાન્તમાં વિહિત એટલે ચૈત્યવંદન અને આવશ્યક વિગેરેની માફક કર્ત્તવ્ય રૂપે પણ નહિ કહેલ હોય, અને પ્રાણાતિપાતાદિકની માફક પ્રતિષેધેલ પણ નહિ હોય; તે સાથે વળી જે લોકમાં ચિરરૂઢ હોય, એટલે તે ક્યારથી શરૂ થઈ તેની ખબર પડતી ન હોય, તેને પણ સંસારવૃધ્ધિભીરુ ગીતાર્થો દૂષિત કરતા નથી એટલે કે

'આ પરંપરા કે પ્રવૃત્તિ અયુક્ત છે' એમ બીજાને ઉપદેશ કરતા નથી, જે માટે તેઓ શ્રી ભગવતી સૂત્રમાં કહેલી નીચેની વાતને વિચારે છે. હકીકત આ પ્રમાણે-હે મંદુક ! જે માણસ અજાણ્યા, અણદીઠા, અણસાંભલ્યા અને અણપરખ્યા અર્થ, હેતુ, પ્રશ્ન કે ઉત્તર ભરસભામાં કહે, જણાવે, પ્રરૂપે, બતાવે, સાબિત કરે કે રજૂ કરે તે માણસ અર્હત્ ભગવાનોની તથા કેવળીઓની આશાતના કરે છે, અને તેમના ધર્મની પણ આશાતના કરે છે. વળી તેમના ચિત્તામાં આ વાત પણ સ્ફુરે છે કે-**संविग्गा गीयतमा विहिरसिया पूव्वसूरिणो आसि ॥ तद्दूसियमायरियं-अणइसई को निवारेइ ॥ १०० ॥**

**અર્થ**—સંવિગ્ન એટલે જલ્દી મોક્ષ ઇચ્છનારા અને અતિશય ગીતાર્થ કેમકે તેમના વખતે બહુ આગમો હતા, તથા સંવિગ્ન હોવાથી જ વિધિરસિક એટલે વિધિમાં જેમને રસ પડતો હતો એવા અર્થાત્ વિધિ બહુમાની પૂર્વસૂરિઓ એટલે ચિરંતન આચાર્યો હતા, તેમણે અણદૂષેલું એટલે નહિ નિષેધેલું આચરિત એટલે બધા ધાર્મિક લોકમાં ચાલતો વ્યવહાર, તેને અનતિશયી એટલે વિશિષ્ટશ્રુત કે અવધિ વગેરે અતિશય રહિત કયો માણસ પૂર્વ પૂર્વતર ઉત્તમ આચાર્યોની આશાતનાથી ડરનારો હોઇ નિવારી શકે ? કોઇ જ નહિ. વળી તે ગીતાર્થો આ પણ વિચારે છે કે-**अइसाहसमेयं जं उत्तुत्त-परूवणा कडुविवागा ॥ जाणंतेहिं वि दिज्जइ निद्देसो सुत्तबज्झत्थे ॥ १०१ ॥** **અર્થ**-ઉત્સૂત્રપ્રરૂપણા કડવાં ફલ આપનારી છે, એવું જાણતાં છતાં પણ જેઓ સૂત્રબાહ્ય અર્થમાં નિશ્ચય આપી દે છે, તે અતિ સાહસ છે, એટલે શું કહ્યું તે કહે છે—

**दुब्भासिएण इक्केण मरीई दुक्खसागरं पत्तो ॥ भमिओ कोडाकोडिं-सागरसिरिनामधिज्जाणं ॥ १ ॥ उस्सुत्तमाचरंतो-बंधइ कम्मं सुचिक्कणं जीवो ॥ संसारं च पवड्ढइ-मायामोसं च कुव्वइ य ॥ २ ॥**

અર્થ—મરીચિ એક દુર્ભાષિત વચનથી દુઃખના દરિયામાં પડી કોડાકોડ સાગરોપમ ભમ્યો ॥ ૧ ॥ ઉત્સૂત્ર આચરતાં જીવ ચીકણાં કર્મ બાંધે છે અને માયામૃષાવાદ સેવે છે. ॥ ૨ ॥ આ ઉપર આપેલ ધર્મરત્ન પ્રકરણના પાઠથી વાચકો સમજી શકયા હશે કે જે બાબત સૂત્રમાં વિહિત ન હોય તેમ નિષેધ પણ કરેલ ન હોય અને ધાર્મિક લોકમાં લાંબા વખતથી ચાલતો વ્યવહાર હોય તેને પણ ગીતાર્થો 'આ અયુક્ત છે' એમ કહે નહિ તો પછી સૂત્ર, ગ્રંથ અને પૂર્વાચાર્યોની પરંપરાસિદ્ધ તેમજ 'કઇ સદીઓથી ચાલી આવતી પર્વતિથિની ક્ષય કે વૃધ્ધિમાં કરાતી અપર્વતિથિની ક્ષયવૃધ્ધિની આચરણાને કેમ તોડી શકાય ? જે ભવભીરુ ગીતાર્થો હોય તે તો આનું ખંડન કરે જ નહિ.

૧૮ પ્રશ્ન—કોઈ માણસ આખું સૂત્ર માને પણ તે સૂત્રના એક પદ કે અક્ષરને ન માને તો તેને સમ્યગ્દૃષ્ટિ કહેવો કે મિથ્યાદૃષ્ટિ ?

ઉત્તર—કોઇ આખું સૂત્ર માને પણ તે સૂત્રના એકપદ કે અક્ષરને ન માને તો તે જમાલિની માફક મિથ્યાદૃષ્ટિ કહેવાય. તે માટે જુઓ વિશેષાવશ્યક ભાષ્યનો પાઠ—

**पयमक्खरंपि इक्कं च जो न रोएइ सुत्तनिद्दिट्ठं ॥**
**सेसं रोअंतो वि हु मिच्छदिट्ठी जमालिव्व ॥ १ ॥**

અર્થ—જે માણસને સૂત્રમાં કહેલ એક પદ કે અક્ષર ન રુચે અને બાકીનું આખું સૂત્ર રુચે એટલે માને તો પણ જમાલિની માફક તેને મિથ્યાદષ્ટિ જાણવો, સમ્યક્ત્વ હોય નહિ.

૧૯ પ્રશ્ન—નવા પંથવાળા પોતાના પંચાંગોમાં પર્વતિથિના ક્ષયમાં ઉદય ન મળે તો સમાપ્તિ જરૂર લેવાનું લખે છે તે યોગ્ય છે ?

ઉત્તર—આરાધનામાં ઉદય ન મળે તો સમાપ્તિ લેવી આ અન્ય ગચ્છનો મત છે. શ્રાદ્ધવિધિકાર તો આરાધનામાં ઔદયિક તિથિ જ માનવાનું કહે છે, પણ સમાપ્તિનો નિર્દેશ કરતા નથી. **उदयंमि जा तिही सा पमाणं इत्यादि** એટલા માટે જ પર્વતિથિના ક્ષયે તેના પૂર્વની તિથિમાં આરાધ્ય ઔદયિક તિથિ સ્થાપીને અપર્વતિથિનો ક્ષય માનવામાં આવે છે.

૨૦ પ્રશ્ન—નવા પંથવાળા પર્વતિથિની વૃધ્ધિ કહે છે તે શું ઉત્સૂત્ર છે ?

ઉત્તર—જૈનાગમ પ્રમાણે તિથિની વૃધ્ધિ જ થતી નથી એમ નવા પંથવાળા જાણે છે, છતાં પર્વતિથિની વૃધ્ધિ થાય એમ કહે તો તે ચોકખી ઉત્સૂત્રપ્રરૂપણા જ છે.

૨૧ પ્રશ્ન—ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારના દર્શનથી સમ્યગ્-દૃષ્ટિ જીવને લાભ કે હાનિ ?

ઉત્તર—ઉત્સૂત્રપ્રરૂપણા કરનારનું દર્શન પણ સંસાર-વર્ધક કહ્યું છે, તે માટે જુઓ કલ્પભાષ્યનો પાઠ-

**उस्सुत्तभासगा जे ते दुक्करकारगा वि सच्छंदा ॥ ताणं न दंसणं पि हु कप्पइ कप्पे जओ भणियं ॥ १ ॥ जे जिणव-यणुतिण्णं वयणं भासंति अहव मन्नंति ॥ सम्मद्दिट्ठीणं तद्दंसणं पि संसारवुड्ढिकरं ॥ २ ॥**

અર્થ–જે ઉત્સૂત્ર બોલે છે તે દુષ્કર ક્રિયા કરતા હોય તો પણ તેમને સૂત્રકાર સ્વચ્છંદી કહે છે. તેમનું દર્શન કરવું પણ કલ્પે નહિ જે કારણથી કલ્પભાષ્યમાં કહ્યું છે, (૧) જેઓ જિનેશ્વરના વચનથી વિરુધ્ધ વચન બોલે છે અથવા તે પ્રમાણે માને છે તેમનું દર્શન પણ સમ્યગ્દૃષ્ટિ જીવને સંસારવર્ધક છે. આ ઉપરથી વાચકો સમજી શકશે કે ઉત્સૂત્રપ્રરૂપણા કરનાર પોતે સંસારસમુદ્રમાં ડૂબે છે અને આશ્રિતોને પણ ડૂબાડે છે.

૨૨ પ્રશ્ન—એક જીવ જ્ઞાન અને ક્રિયામાં શિથિલ છે, પરંતુ પ્રરૂપણા શુધ્ધ કરે છે અને બીજો જ્ઞાન અને ક્રિયામાં અપ્રમત્ત છે, ત્યાગી છે પણ જાણીજોઇને ઉત્સૂત્રપ્રરૂપણા કરે છે તો આ બેમાં શ્રેષ્ઠ કોણ ગણાય ?

ઉત્તર—હિતોપદેશમાલા ગ્રંથના અભિપ્રાય પ્રમાણે તો શુધ્ધ પ્રરૂપક જ શ્રેષ્ઠ ગણાય, કેમકે શિથિલાચારથી પોતે ડૂબે છે પણ બીજાને ડૂબાડતો નથી ત્યારે ત્યાગી ઉત્સૂત્ર પ્રરૂપક તો સ્વપરને ડૂબાડે છે.

તે માટે જુઓ પૂર્વાચાર્યપ્રણીત હિતોપદેશમાલાનો પાઠ

**"नाणकिरियासु सिढिला अप्पाणं चिय भवंमि पाडंति ॥**
**वितहा परूवणा पुण अणंतसत्ते भमाडंति ॥ ४७४ ॥**

અર્થ—જ્ઞાન અને ક્રિયામાં શિથિલ એવો પોતાના આત્માને જ સંસારસમુદ્રમાં પાડે છે, પરંતુ બીજાઓને ડુબાડતાં નથી ત્યારે ઉત્સૂત્રપ્રરૂપણા કરનારા ત્યાગીઓ તો પોતે ભવસમુદ્રમાં પરિભ્રમણ કરે છે અને ઉપદેશથી બીજા અનંત જીવોને ભવભ્રમણ કરાવે છે.

૨૩ પ્રશ્ન—લૌકિક પંચાંગમાં બે પૂર્ણિમા હોય ત્યારે ચતુર્દશીએ જ પાક્ષિક પ્રતિક્રમણ કરવું, આ માન્યતા ખરતરગચ્છની છે કે તપાગચ્છની ?

ઉત્તર—લૌકિક ટિપ્પણમાં બે પૂર્ણિમા હોય ત્યારે ચતુર્દશીએ જ પાક્ષિક પ્રતિક્રમણ કરવું, આ માન્યતા ખરતરગચ્છની છે; તપાગચ્છની નથી. ખરતરગચ્છવાળા ટિપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે પહેલી તિથિ ગ્રહણ કરે છે, બીજી તિથિ માનતા નથી; તેથી ચતુર્દશીએ જ પાક્ષિક પ્રતિક્રમણ કરે છે એટલે તેમની ચતુર્દશી અને પૂર્ણિમાની અનંતર આરાધના કાયમ રહે છે. તપાગચ્છવાળા શ્રી ઉમાસ્વાતિના પ્રઘોષાનુસાર વૃદ્ધિમાં બીજી તિથિ ગ્રહણ કરે છે તેથી ચતુર્દશી અને પૂર્ણિમાની અનંતર આરાધના કાયમ રાખવા માટે જ પંચાંગની પ્રથમ પૂર્ણિમાએ ઔદયિક ચતુર્દશી સ્થાપીને પાક્ષિક કૃત્ય કરે છે. તપાગચ્છની આ માન્યતાનું ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીએ પોતાના **ઉત્સૂત્રોદ્ઘટ્ટન**કુલકમાં સારી રીતે સમર્થન કર્યું છે. ખરતરગચ્છીય આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિજીના પ્રશિષ્ય વાચનાચાર્ય શ્રી ગુણવિનયગણિએ પણ વિ. સં. ૧૬૬૫માં બનાવેલ ઉત્સૂત્રખંડન ગ્રંથમાં પણ આ બાબતનો નિર્દેશ કર્યો છે. જુઓ તે પાઠ—**अन्यच्च वृद्धौ ( पूर्वतिथौ ) पाक्षिकं क्रियते इदं किं ?** આગળ છઠ્ઠી લીટીમાં તેઓશ્રી સ્પષ્ટ લખે છે કે—**चतुर्दश्यां पौषधोपवासादिधर्मकृत्यानि पाक्षिकप्रतिक्रमणं च निषेध्य प्रथमअमावस्यां प्रथमपूर्णिमायां च पाक्षिकप्रतिक्रमणादिकरणं,**—ઉત્સૂત્ર ખંડનગ્રંથ, પાનું ૨૦ મું.

૨૪ પ્રશ્ન—લૌકિક ટિપ્પણામાં અમાવાસ્યા કે પૂર્ણિમાનો ક્ષય હોય તો પાક્ષિક પ્રતિક્રમણ ચતુર્દશીએ જ કરવું, આ માન્યતા કયા ગચ્છની છે ?

ઉત્તર—લૌકિક ટિપ્પણામાં અમાવાસ્યા કે પૂર્ણિમાનો ક્ષય હોય તો ચતુર્દશીએ જ પાક્ષિક કૃત્ય કરવું. આ માન્યતા ખરતરગચ્છની છે; તપાગચ્છની નથી. તપાગચ્છવાળા તો પોતાની સમાચારી મુજબ અમાવાસ્યા કે પૂર્ણિમાનો ક્ષય હોય

તો ટિપ્પણાની તેરશે ઔદયિક ચતુર્દશીની સ્થાપના કરીને પાક્ષિક કૃત્ય કરે છે. આ બાબત ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીએ **ઉત્સૂત્રોદ્‌ઘાટન**કુલકમાં સ્પષ્ટ શબ્દોમાં લખી છે.

× × ×

પરમ અવધૂત યોગિરાજશ્રી આનંદઘનજી મહારાજ પણ શ્રી અનંતનાથસ્વામીના સ્તવનમાં ઉત્સૂત્રપ્રરૂપણાની ભયંકરતા સમજાવતાં કહે છે કે-

**પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યાં,**
**ધર્મ નહીં કોઈ જગસૂત્ર સરિખો;**
**સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,**
**તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો.**
**ધાર તલવારની સોહલી દોહલી......**

અર્થાત્ કે-જૈન સિદ્ધાંતો-જૈનાગમોથી વિરુદ્ધ કથન કરવા જેવું એક પણ મહાપાપ નથી; કારણ કે સરોવરમાં ફેંકેલા કંકરથી જેમ જળના કુંડાળા વધતાં સમસ્ત સરોવરમાં પ્રસાર પામી જાય છે તેમ એક માત્ર ઉત્સૂત્ર-વચન, તે વિસ્તાર પામતાં સમસ્ત શાસનને છિન્નભિન્ન કરી મૂકે છે. શરૂઆતમાં તો નિર્જન અરણ્યમાં એક માત્ર પગદંડી જ (કેડી) પડે છે, પરન્તુ તેના પર વિશેષ અવરજવર થતાં તે એક મહામાર્ગનું સ્વરૂપ ધારણ કરે છે તેવી જ રીતે ઉત્સૂત્ર-પ્રરૂપણાનું સમજી લેવું. તેથી જ શાસ્ત્રકારોએ ઉત્સૂત્ર-પ્રરૂપણાને તોલે આવે તેવું એક પણ પાપ ગણાવ્યું નથી. બીજા પાપો તો અન્ય ધર્મ-કરણી કે તીર્થયાત્રાદિ કરતાં વિનાશ પામે પરન્તુ ઉત્સૂત્ર-પ્રરૂપણા તો અનંત ભવભ્રમણ વધારે છે. જુઓ ચરમ જિનપતિ શ્રી મહાવીરસ્વામીના પૂર્વભવનું મરિચીનું દૃષ્ટાંત.

ઉત્સૂત્ર-પ્રરૂપણાથી ભોળા પ્રાણીઓ ભોળવાઈ જાય છે અને ધર્મને બદલે અધર્મનું આચરણ કરી બેસે છે, માટે જ

શ્રી આનંદઘનજી મહારાજ ફરમાવે છે કે–આ વિશ્વમાં સૂત્રોમાં ફરમાવ્યા પ્રમાણે ઉપદેશ કરવા સિવાય બીજો કોઇ ઉત્તમ ધર્મ નથી. સૂત્ર એ દીવાદાંડી સદૃશ છે. જેમ દીવાદાંડી સમુદ્રમાં અટવાયેલા જહાજને કિનારા પર લાવવામાં સહાયક બને છે તેવી રીતે આગમશાસ્ત્રો જીવન–નૌકાને ભવ–સમુદ્રમાંથી તીરે ખેંચી લાવવા સમર્થ બને છે; એટલે કે જે ભવ્ય પ્રાણીઓ તીર્થંકર ભગવંતોએ ઉપદેશેલ અને ગણધર મહારાજોએ ગૂંથેલા સૂત્રો પ્રમાણે ક્રિયા કરે છે અને ખરેખરું ચારિત્ર પાળે છે તેઓ જ ખરેખરા સંયમવંત છે–તેને જ મોક્ષમાર્ગના સાચા પથિક જાણવા.

નાગપુરી તપાગચ્છીય શ્રી રત્નશેખરસૂરિજી "સંબોધસત્તરી"ની પાંત્રીશમી ગાથામાં જણાવે છે કે–

**आगमं आयरंतेणं, अत्तणो हियकंखिणो ।**
**तित्थनाहो गुरु धम्मा, सव्वे ते बहुमन्निया ॥**

આત્મ–કલ્યાણાર્થી પુરુષે આગમના રહસ્યનું આચરણ કરવાપૂર્વક તીર્થંકર શ્રી અરિહંત ભગવંત, સદ્ગુરુ અને કેવળી–ભાષિત ધર્મ એ સર્વનું અત્યંત આદરપૂર્વક બહુમાન કરવું, તેને અંગીકાર કરવો.

અત્યંત વિષમ એવા આ દૂષમકાળમાં–કલિકાળમાં શ્રી જિનાગમો જ પરમાલંબનભૂત છે. જિનાગમો ન હોત તો અનાથ એવા આપણી શી દશા થાત ? માટે પરમ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ **પંચાંગી**ને માન્ય રાખી શાસ્ત્રવિહિત આચરણ કરવું એ જ ભવભીરુ પ્રાણી માટે ઉચિત છે.

આ જ હકીકત કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સ્વ–રચિત શ્રી વીતરાગ સ્તોત્રના ઓગણીશમા પ્રકાશમાં સ્પષ્ટરૂપે

જણાવી છે. આ હકીકત પરથી આ વસ્તુની ગહનતા અને મહત્તા સમજાશે. તેઓશ્રી કહે છે કે-

**वीतराग ! सपर्यातस्तवाज्ञापालनं परम् ।**

**आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥**

અર્થાત્-હે વીતરાગ! આપની સેવા કરવા કરતાં આજ્ઞાનું પાલન કરવું તે ભાવસ્તવરૂપ હોવાથી ઉત્કૃષ્ટ ફળ આપનાર છે; કેમકે આજ્ઞાનું આરાધન મોક્ષને માટે થાય છે અને આપની આજ્ઞાની વિરાધના સંસાર-ભ્રમણને માટે થાય છે.

અંતમાં પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજના ટંકશાળી વચન ઉદ્ધરીને વિરમીશ-

**કલહકારી કદાગ્રહભર્યા, થાપતાં આપણા બોલ રે;**
**જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે.**
**સ્વામી સીમંધરા વિનતિ**

## ઉપસંહાર

આ પર્વતિથિપ્રશ્નોત્તરવિચારની લઘુ પુસ્તિકામાં આપેલ સૂત્ર અને ગ્રંથના પ્રમાણોથી વાચકો સમજી શકયા હશે કે આરાધ્ય તિથિઓની ક્ષય કે વૃધ્ધિ મનાતી નથી તેથી ચંડાંશુચંડુ પંચાંગમાં પર્વતિથિની ક્ષય કે વૃધ્ધિ હોય ત્યારે અપર્વતિથિની ક્ષય કે વૃધ્ધિ કરાય છે અને અમાવાસ્યા કે પૂર્ણિમાની ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે તેના બદલે તેરશની ક્ષયવૃધ્ધિ થાય છે, તેમજ ટિપ્પણામાં ભાદરવા સુદ પંચમી બે હોય ત્યારે કાલિકસૂરીશ્વરજી મહારાજની આચરણા મુજબ આરાધ્ય પંચમીથી એક દિવસ પહેલા એટલે બીજી ચોથે સાંવત્સરિક પર્વ થાય છે. **इत्यलं विस्तरेण ॥**